# BUSINESS મિત્ર Plus

## વર્ષાંતે સોનાચાંદી, પ્લેટીનમ અને કોપરમાં સ્ફોટક તેજી રહી

સાંતા ક્લોઝ સોના-ચાંદી પ્લેટિનમ, કોપર, ઈમેજીંગ શેરબજારો, સ્વીસ ફ્રાંક, પાઉન્ડ સહિત મોટા ભાગની રિસ્ક એસેટને જોરદાર ફળ્યા છે. ૨૦૨૫માં આ બધી રિસ્ક એસેટના રોકાણકારોને છપ્પર ફાડકે રિટર્ન મળ્યું છે. રિટર્ન મામલે ચાંદી ટોપર પર રહી છે, વાર્ષિક ધોરણે 165 ટકા વળતર થાય છે. પ્લેટિનમ 161 ટકા વળતર સાથે રનરઅપ રહ્યું છે. ત્રીજા ક્રમે ગોલ્ડે ૫૮ ટકા રિટર્ન આપ્યું છે. મેજર ફોરેક્સમાં 25 ટકા વળતર સાથે સ્વિસ ફ્રાન્ક ટોપર રહ્યો છે. ઈમર્જિંગ બજારોમાં જાપાની નિકાઈ, અમેરિકી નાસદાક અને ડાઉ ઓલટાઈમ હાઈ પર રહ્યા છે. બીટકોઈનમાં ફેન્સી ઓસરી છે. ડોલરમાં અંદાજે 10 ટકા નરમાઈ છે. બ્રિક્સ કરન્સીમાં રુબલ ટોપ પરફોર્મર રહયો છે. બ્રાઝિલ રિઆલ, ચીન યુઆન, સાઉથ આફ્રિકા રેન્ડમાં 10-25 ટકા સુધીનો વધારો જોવાયો છે જે ડિડોલરાઈજેશને વેગ પકડયાનું સૂચવે છે.




નવા વરસના આરંભે નાણાંબજારોમાં સેન્ટીમેન્ટ અપબીટ છે, ફેડે ઉપરાઉપરી ત્રણ રેટકટ આપ્યા છે. અને હવે ફએડ કવોન્ટિટિવ ટાઈટનીંગમાંથી કવોન્ટિટીવ ઈઝિંગ મોડ તરફ જઈ રહ્યું છે એ જોતા બજારમાં લિક્વિડીટીની છાકમછોળ રહેશે. આગામી કવાર્ટરમાં એક કે બે રેટકટ આવી શકે. મે માસમાં વર્તમાન ફેડ ચેરમેન પોવેલનો કાર્યકાળ પુરો થશે.

એમની જગ્યાએ હાલ કેવીન હેસેટ રેસમાં આગળ છે. તેઓ આવે આવે તો રેટ કટની રફતાર તેજ બનશે, હાલના બબલ મેગા બબલમાં પલટાઈ શકે એવા સંજોગો રચાઈ શકે. અમેરિકામાં જંગી દેવું, વિશ્વભરમાં રેટકટસ લીકવીડીટી બુમ, ઠેરઠેર યુધ્ધોને કારણે ડોલર પર ભરોસો તૂટયો છે. મોટા હેજફંડો, સરકારો ડોલરમાં એકસપોઝર ઘટાડી સોનું, યુરો, સ્વિસ ફ્રાન્ક, ચાંદી જેવી એસેટ ખરીદવા લાગી છે. ડોલર ડિબેઝમેન્ટ-ગ્રેટ રિસેટ તરીકે ઓળખાતો મેક્રો ટ્રેડ- બાય હેવન એસેટ નામનો ટ્રેડ સોનાચાંદી, પ્લેટીનમ, કોપર વગેરેની

બિરેન વકીલ

તેજીને જોમ આપે છે. આગળ જતા ડિબેસમેટ ટ્રેન્ડ મેટલ્સ અને સૌથી આખરી તબક્કામાં એગ્રીકોમોડિટીઝમાં પણ જઈ શકે. 2020-2032ની કોમોડિટી સુપરસાયકલમાં એનર્જી-મેટલ-બુલિયને લીડરશીપ લીધી છે. 2026-2028માં એગ્રી બજારો બોટમ આઉટ થશે. છેલ્લી તેજી એગ્રીમાં હોઈ શકે. કરન્સી બજારની વાત કરીએ તો રૂપિયામાં વર્ષના આખર ભાગમાં નોંધપાત્ર વધારો જોવાયો. અંદાજે ત્રણેક વર્ષ ૨૦૨૨થી ૨૦૨૫ રૂપિયો સ્ટેબલ જેવો હતો અને ૮૩થી ૮૭ની રેન્જમાં હતો. પણ એપ્રિલમાં ડોનાલ્ડ ટ્રમ્પે ટેરિફ વોર જાહેર કરી અને રૂપિયા ઉપર દબાણ વધ્યું. ખાસ કરી ભારત ઉપર ૫૦ ટકા જેવી જંગી ટેરિફ લાદી અને ભારત અમેરિકા વચ્ચેની ટ્રેડવોર લંબાતી ગઈ એમ રૂપિયા ઉપર દબાણ વધતું ગયું હતુ. એક તબક્કે રૂપિયો ૯૧ની સપાટી વટાવી ગયો .

એ પછી રિઝર્વ બેન્કે અત્યંત આકરું ઈન્ટરવેશન કરતા રૂપિયાની મંદી અટકી સુધારો આવ્યો છે. હાલની રૂપિયાની મંદીને માળખાગત મંદી ના બદલે મનોવૃતિની મંદી ગણવી જોઈએ. કારણ કે ભારતીય અર્થતંત્રના ફંડામેન્ટલ ઘણા મજબૂત છે. વપરાશમાં વૃદ્ધિ સારી છે. જીએસટી કટ પછી કાર, વ્હાઈટગુડ્સ અને ઈલેકટ્રો, અને હાઈએન્ડ લકઝરી જેવી વસ્તુમાં નોંધપાત્ર વધારો થયો છે. એ જોતા આગામી ક્વાર્ટરના પરિણામો ઘણા પ્રોત્સાહક દેખાશે. વિશ્વભરમાં મેટલ, બુલિયન, માઈનિંગમાં તેજી છે અને યુધ્ધ જેવી સ્થિતિ વચ્ચે ચાલુ વર્ષે મેટલ અને માઈનિંગ શેરમાં શાનદાર તેજી જોવા મળી છે. આગળ ઉપર પણ મેટલ અને માઈનિંગ સ્પેશિયલિટી ડિફેન્સ, શિપિંગ હોટફેવરીટ રહે તેવું દેખાય છે.

નિફ્ટીની વાત કરીએ તો ૨૫,૭૦૦, ૨૬૨૦૦ની સાંકડી રેન્જમાં અથડાય રહ્યો છે. આમા ૨૬૩૦૦ ઉપરનું બ્રેકઆઉટ આવે તો ઝડપી ઉછાળામાં ૨૬,૮૦૦, ૨૭,૨૦૦ની સંભાવના આગામી સેકન્ડ ક્વાર્ટર એટલે કે માર્ચથી જૂનમાં જોવાઈ શકે છે.

સોના-ચાંદીની વાત કરીએ તો સ્થાનિક બજારમાં તેજી બેકાબુ બની ચૂકી છે. ગત સપ્તાહે નાતાલને કારણે બજારમાં પાંખા કામકાજ હતા. યુ.કે. ના બજારો ગુરૂ-શુક્રવારે બંધ રહ્યાં હતાં. ચાંદી શુક્રવારે એક જ દિવસમાં ૧૦.૫૦ ટકાનો અને ભારતીય બજારમાં ૧૫ હજાર રૂપિયાનો ઉછાળો આવીને રૂ.૨.૪૨ લાખની નવી ઉંચાઈએ પહોંચ્યાં હતાં.

કોપરમાં અણધારેલી તેજીમાં કિલોએ રૂ.૧૦૨ વધીને ભાવ રૂ.૧૨૭૪ની નવી ઉંચી સપાટીએ પહોંચ્યાં હતા. લંડન કોપર બજાર તો બંધ હતું, ચીન કોપરમં વાયદા ૧.૦૧ લાખ યુઆન થઈ ગયા હતા. જેને ડોલરમાં કન્વર્ટ કરીએ ૧૪૮૦૦ ડોલર જેવો ભાવ થાય. એલએમઈ કોપર છેલ્લે ૧૨૩૦૦ ડોલર બંધ હતું. આજે ૧૩000 ડોલર ટચ થઈ શકે. કોલમમાં ઘણીવાર લખ્યું છે કે પ્લેટિનમ ૨૦૨૬માં ડાર્કહોર્સ દેખાય છે. પ્લેટિન એપ્રિલમાં 892 ડોલર હતુ જે ગયા શુક્રવારે ૨૫૦૫ ડોલર થઈ ગયું છે. આવી સ્ફોટક તેજી અકલ્પનીય છે. ફંડામેન્ટ-ટેકનીકલ જોતા પ્લેટિનમમાં કરેકશન આવે પણ 2026માં 2900-3400 સુધીની શકયતા નકારાય નહી. ચાંદી 79.30 સુધી પહોચી છે. લોકલ ચાંદી 242000 થઈ છે. સોનું 4550 અને લોકલ સોનું 14000 ડોલર થઈ ગયું છે. સોનુંવધઘટે 4700-4800 ડોલરની શકયતા છે. કોપર અને પેલેડિયમ પણ હવે તેજીની રેસમાં જોડાયા છે. વેનેઝુએલા, નાઈજીરીયા, થાઈલેન્ડ, કંબોડીયા, જાપાન-તાઈવાન, રશિયા-યુક્રેન, ઈઝરેયલ-યેમેન,સિરીયા, તૂર્કી, ગ્રીસ, સર્બીયા- કોસોવો, રવાન્ડા-કોંગો ઠેરઠેર યુધ્ધો કે તનાવની સ્થિતી છે. એકેય દરિયા શાંત નથી. ભારેલા અગ્ની જેવી સ્થિતીમાં બજારો ઉંડે દીલ બેફિકરેના મૂડમાં છે. આવી લાપરવાહીને પંડિતો સ્લિપવોક કહે છે.!

### 2026માં મેટલ, ડિફેન્સ, માઈનિંગ, હોટફેવરીટ, એગ્રી બજારોમાં ગવારમાં ટર્નએરાઉન્ડ

## ભારતમાં ઈ-કોમર્સનો વ્યાપ ખૂબ વધ્યો છે અને હજી વધી રહ્યો છે

ભારતમાં તાજેતરના વર્ષોમાં ઇન્ટરનેટ અને સ્માર્ટફોનના વપરાશમાં મોટો ઉછાળો જોવા મળ્યો છે. આનાથી ભારતના ડિજિટલ ક્ષેત્રને મજબૂતી મળી છે, જે ૨૦૩૦ સુધીમાં ૧ ટ્રિલિયન અમેરિકી ડોલર સુધી પહોંચવાની અપેક્ષા છે. વધતી જતી આવકની સાથે ડિજિટલ ટેકનોલોજીના સ્વીકારને કારણે ઈ-કોમર્સ ઉદ્યોગના વિકાસને વેગ મળ્યો છે. આ ક્ષેત્રે ભારતમાં વેપાર કરવાની પદ્ધતિ બદલી નાખી છે, જેનાથી બિઝનેસ-ટુ-બિઝનેસ (B2B), ડાયરેક્ટ-ટુ-કન્ઝ્યુમર (D2C), કન્ઝ્યુમર-ટુ-કન્ઝ્યુમર (C2C) અને કન્ઝ્યુમર-ટુ-બિઝનેસ (C2B) મોડલ્સમાં નવા રસ્તાઓ ખુલ્યા છે. ફ્લિપકાર્ટ, એમેઝોન જેવી મહાકાય કંપનીઓ ઉપરાંત બીજી અનેક ઇ-કોમર્સ કંપનીઓ ભારતના બજારમાં આવી ગઇ છે.



વર્ષ ૨૦૨૪માં ભારતના ઈ-કોમર્સ ઉદ્યોગનું મૂલ્ય ૧૦,૮૨,૮૭૫ કરોડ રૂપિયા (૧૨૫ અબજ ડોલર) હતું, જે ૨૦૩૦ સુધીમાં વધીને ૨૯,૮૮,૭૩૫ કરોડ રૂપિયા (૩૪૫ અબજ ડોલર) થવાનો અંદાજ છે, જે ૧૫%નો ચક્રવૃદ્ધિ વાર્ષિક વૃદ્ધિ દર (CAGR) દર્શાવે છે. ANAROCK અને ET Retail ના સંયુક્ત અહેવાલ મુજબ, વધતા ડિજિટલ વપરાશ અને ગ્રાહકોના બદલાતા અભિગમને કારણે આ ક્ષેત્રનું કદ વર્ષ ૨૦૩૫ સુધીમાં ૪૭,૬૪,૬૫૦ કરોડ રૂપિયા (૫૫૦ અબજ ડોલર) સુધી પહોંચવાની ધારણા છે. આ ક્ષેત્ર રોકાણ માટેના મુખ્ય ચાલક તરીકે પણ ઉભરી આવ્યું છે. ૨૦૨૪-૨૫માં ઈ-કોમર્સ ક્ષેત્રએ ૭૯ કરારો દ્વારા ૨૬,૫૨૭ કરોડ રૂપિયા (૩.૧ અબજ ડોલર) નું રોકાણ આકર્ષ્યું હતું, જે કુલ સ્ટાર્ટ-અપ ફંડિંગના ૩૧% જેટલું છે. આ ૨૦૨૩ ની સરખામણીમાં ૧૨૮% નો ઉછાળો દર્શાવે છે, તે

કોમોડિટી વ્યૂહ

વર્ષમાં ૫૯ સોદાઓ દ્વારા ૧૧,૯૮૦ કરોડ રૂપિયા (૧.૪ અબજ ડોલર) નોંધાયા હતા. હાઈપરલોકલ અને B2C સેગમેન્ટ્સ આ વૃદ્ધિમાં મોખરે રહ્યા હતા, જેમાં માત્ર ઝેપ્ટો (Zepto) કંપનીએ ૧૧,૯૮૦ કરોડ રૂપિયા (૧.૪ અબજ ડોલર) ઉભા કર્યા હતા.

૨૦૨૪માં આ ક્ષેત્ર ભારતના ખાનગી ઇક્વિટી અને વેન્ચર કેપિટલ રોકાણમાં પાંચમા ક્રમે રહ્યું હતું, જેણે ૩૮,૮૬૫ કરોડ રૂપિયા (૪.૬ અબજ ડોલર) આકર્ષ્યા હતા.

ભારતનો ઈ-કોમર્સ ઉદ્યોગ અત્યારે ઉચ્ચ વૃદ્ધિના તબક્કામાં પ્રવેશી રહ્યો છે, જેનું મુખ્ય કારણ વધતી જતી ખર્ચવા યોગ્ય આવક, ઝડપી ડિજિટલ સ્વીકાર અને ટાયર-૨ અને ટાયર-૩ શહેરોમાંથી વધતી માંગ છે. ક્વિક કોમર્સ ક્ષેત્ર ૭૦-૮૦% ના દરે વિસ્તરી રહ્યું છે, જ્યારે D2C માર્કેટ ૨૦૨૫ માં ૮,૭૦,૫૦૦ કરોડ રૂપિયા (૧૦૦ અબજ ડોલર) ને પાર કરવા માટે તૈયાર છે. ૨૦૨૫ માં સમગ્ર ઉદ્યોગની વાર્ષિક વૃદ્ધિ ૧૭-૨૨% રહેવાની ધારણા છે. ભારત ૨૦૨૪ માં ૨૭૦ મિલિયન ઓનલાઇન ખરીદદારો સાથે અમેરિકાને પાછળ છોડીને વિશ્વનું બીજું સૌથી મોટું ઈ-રિટેલ માર્કેટ બની ગયું છે.

ટ્રેન્ડ-આધારિત ફેશન ઉદ્યોગ ૨૦૨૮ સુધીમાં લગભગ ચાર ગણો વધીને ૬૮,૪૫૬-૮૫,૫૭૦ કરોડ રૂપિયા (૮-૧૦ અબજ ડોલર) થવાનો અંદાજ છે, જેમાં અડધાથી વધુ વેચાણ ઓનલાઇન પ્લેટફોર્મ પરથી થવાની અપેક્ષા છે. ભારતીય બ્યુટી અને પર્સનલ કેર (BPC) માર્કેટ ઝડપથી વધી રહ્યું છે અને વર્ષ ૨૦૨૭ સુધીમાં ૨,૬૦,૬૧૦ કરોડ રૂપિયા (૩૦ અબજ ડોલર) ના GMV સુધી પહોંચવાની ધારણા છે, જે વૈશ્વિક ઉદ્યોગનો ૫% હિસ્સો છે. વાર્ષિક અંદાજે ૧૦% ના દરે વૃદ્ધિ પામતું આ બજાર મોટી અર્થવ્યવસ્થાઓમાં સૌથી ઝડપથી વિકસતું BPC માર્કેટ છે.

અન્ય એક ઉભરતું ક્ષેત્ર સબ્સ્ક્રિપ્શન ઈ-કોમર્સ છે. ૨૦૨૪માં ૮૮,૪૭૯ કરોડ રૂપિયા (૧૦.૩૪ અબજ ડોલર) ના મૂલ્ય ધરાવતું આ બજાર ૨૦૩૩ સુધીમાં ૩.૨ લાખ કરોડ રૂપિયા (૩૭૪.૨૪ અબજ ડોલર) સુધી વિસ્તરે તેવી અપેક્ષા છે, જે ૨૦૨૫-૨૦૩૩ દરમિયાન ૪૫.૧૩% ના દરે વૃદ્ધિ પામશે. ભારતના ક્વિક કોમર્સ ક્ષેત્રે નાણાકીય વર્ષ ૨૦૨૫માં ઝડપી ગતિ જોઈ હતી, જેમાં ગ્રાહકોએ ૬૪,૦૦૦ કરોડ રૂપિયા (૭.૪૭ અબજ ડોલર) ખર્ચ્યા હતા, જે નાણાકીય વર્ષ ૨૦૨૪ ના સ્તર કરતાં બમણાથી વધુ છે. ગ્રોસ ઓર્ડર વેલ્યુ નાણાકીય વર્ષ ૨૦૨૮ સુધીમાં ૨,૦૦,૦૦૦ કરોડ રૂપિયા (૨૩.૩૪ અબજ ડોલર) સુધી પહોંચવાની અપેક્ષા છે. HUL, બ્રિટાનિયા, ડાબર અને ટાટા કન્ઝ્યુમર પ્રોડક્ટ્સ જેવી મોટી FMCG કંપનીઓએ નાણાકીય વર્ષ ૨૦૨૫માં ૪,૪૦૦ કરોડ રૂપિયા (૫૧૫ મિલિયન ડોલર) થી વધુનું ક્વિક કોમર્સ વેચાણ નોંધાવ્યું હતું. ટાયર-૨ અને ટાયર-૩ શહેરોએ ૨૦૨૫ ના ઉનાળાના વેચાણ દરમિયાન નોંધપાત્ર વૃદ્ધિ નોંધાવી હતી, જેમાં ટાયર-૩ શહેરોએ વાર્ષિક ધોરણે ૨૧% વૃદ્ધિ સાથે ઓર્ડર વોલ્યુમમાં ૩૮% યોગદાન આપ્યું હતું. આ મેટ્રો શહેરો સિવાયના વિસ્તારોમાં ઓનલાઇન શોપિંગના વધતા સ્વીકારને દર્શાવે છે. જાહેરાત પણ વૃદ્ધિનું મુખ્ય એન્જિન બની છે, જેમાં ફ્લિપકાર્ટ અને મિંત્રાની સંયુક્ત જાહેરાત આવક ૨૭% વધીને ૭,૨૩૨ કરોડ રૂપિયા (૮૩૬.૩૬ મિલિયન ડોલર) થઈ છે.

માર્ચ ૨૦૨૫ સુધીમાં, ભારતમાં આશરે ૯૬૯.૧ મિલિયન ઇન્ટરનેટ સબ્સ્ક્રાઇબર્સ છે. સ્માર્ટફોનનો ઉપયોગ પણ વધી રહ્યો છે, જેમાં ગ્રાહકો હવે 5G ઉપકરણો તરફ વળ્યા છે. વર્ષ ૨૦૨૪ સુધીમાં, ભારત વોલ્યુમની દ્રષ્ટિએ વિશ્વનું બીજું સૌથી મોટું અને મૂલ્યની દ્રષ્ટિએ ત્રીજું સૌથી મોટું સ્માર્ટફોન માર્કેટ બની ગયું છે. ભારતમાં ઓનલાઇન ખરીદદારોની સંખ્યા ૨૦૨૦ માં ૧૪૦ મિલિયનથી વધીને ૨૦૨૪ માં લગભગ ૨૬૦ મિલિયન થઇ ગઇ છે. ૨૦૩૦ સુધીમાં આ સંખ્યા ૩૦૦ મિલિયન અને ૨૦૩૫ સુધીમાં ૭૦૦ મિલિયન સુધી પહોંચવાનો અંદાજ છે. ભારતમાં યુપીઆઇની સારી સેવાઓએ ઓનલાઇન ચુકવણીની સારી સુવિધા કરી આપી હોવાથી પણ ઇ-કોમર્સને વેગ મળ્યો છે. સરકારે હવે છૂટક ફુગાવાની ગણતરીમાં ઇ-કોમર્સના ક્ષેત્રમાં પ્રવર્તતા ભાવોને પણ ગણતરીમાં લેવાનું નક્કી કર્યું છે, જે બાબત ભારતમાં ઇ-કોમર્સનો વધેલો દબદબો સૂચવે છે.

### ભારતનો ઈ-કોમર્સ ઉદ્યોગ અત્યારે ઉચ્ચ વૃદ્ધિના તબક્કામાં પ્રવેશી રહ્યો છે, જેનું મુખ્ય કારણ વધતી જતી ખર્ચવા યોગ્ય આવક, ઝડપી ડિજિટલ સ્વીકાર અને ટાયર-૨ અને ટાયર-૩ શહેરોમાંથી વધતી માંગ છે

## 2025માં સોના-ચાંદીમાં રોકાણ ફળ્યું, 2026માં તેજી ચાલુ રહેશે?

2025માં સોના તથા ચાંદીના ભાવ 1979 પછીના સૌથી વધુ વાર્ષિક વધારો નોંધાવવા માટે તૈયાર હતા, પરંતુ વર્ષના અંત સુધીમાં તેમણે ભારે અસ્થિરતાનો સામનો કરવો પડ્યો હતો અને આ વિક્રમ તોડવામાં અસફળ રહ્યા હતા. જ્યારે સોનાના ભાવમાં 60 ટકાથી વધુનો વધારો થયો છે. એક સમયે તેનો ભાવ પ્રતિ ઔંસ 4549 ડોલરના ઉચ્ચતમ સ્તરને સ્પર્શી ગયો હતો, પરંતુ ક્રિસમસ પછી તેમાં થોડો ઘટાડો થયો હતો અને નવા વર્ષની પૂર્વસંધ્યાએ તે લગભગ 4330 ડૉલર પર સ્થિર થયો હતો. દરમિયાન ચાંદી, જેના ભાવ પ્રતિ ઔંસ 83.62 ડોલરના સર્વકાલીન રેકૉર્ડ ઉચ્ચતમ સ્તરને સ્પર્શી ગયો હતો, તે લગભગ 71 ડોલરના ભાવે ટ્રેડ થઈ રહી છે.

વર્ષ 2025માં સોના અને ચાંદીના ભાવમાં ઉછાળા પાછળના મહત્વના પરિબળોમાં વ્યાજ દરોમાં ઘટાડાની અપેક્ષા છે, તેની સાથે અનેક પરિબળોને કારણે વધારો થયો હતો. જોકે, નિષ્ણાતો કહે છે કે આ વર્ષે થયેલી મોટી ભાવવૃદ્ધિને કારણે 2026માં ભાવ ઘટવાની શક્યતા છે, એમ કેટલાક નિષ્ણાતો માની રહ્યા છે, જ્યારે હજુય મોટા ભાગના નિષ્ણાતોનું માનવું છે કે વૈશ્વિક અનિશ્ચિતતાનો દોર 2026માં પણ ચાલુ રહેશે અને મધ્યસ્થ બેન્કોની સોનાની મોટા પાયે ખરીદી ચાલુ રહેવાની સંભાવના છે. જેની અસર નવા વર્ષની શરૂઆતથી જ જોવા મળી રહી છે. નિષ્ણાતોના અંદાજે વિશ્વ બજારમાં સોનુ 6000 ડોલર અને ચાંદી 100 ડોલરને આંબી શકે છે. જોકે, નિષ્ણાતો એવી પણ સલાહ આપી રહ્યા છે કે રોકાણમાં




આંધળુકીયા કરવાના બદલે માર્કેટ ઘટે ત્યારે રોકાણ કરવું વધુ હિતાવહ રહેશે.

દેશના ટોચના 10 કોમોડિટીઝ નિષ્ણાતોના સર્વે-અભિપ્રાયોના આધારે એવું તારણ નીકળે છે કે સોના-ચાંદીમાં તેજીનો ટ્રેન્ડ ચાલુ રહી શકે છે. સોના કરતા પણ ચાંદીમાં વધુ રિટર્ન મળવાની આગાહી 10માંથી આઠ નિષ્ણાતો કરી રહ્યા છે. લગ્નસરાની સીઝન પુરી થયા બાદ સોનાની માગમાં થોડોક ઘટાડો થશે.

કોમોડિટી વોચ

જ્યારે ઔદ્યોગિક માગ ચાલુ રહેવાથી ચાંદીમાં માગ યથાવત રહી શકે છે. જેથી ચાંદીના ભાવ સોના કરતા વધુ ઝડપી ઉછળતા જોવા મળી શકે છે. સોનામાં 16થી 40 ટકાના ઉછાળાની સંભાવના છે. જ્યારે ચાંદી 100 ડોલરને ટચ કરી દેશે, જે 40 ટકાથી વધુનું વળતર આપે તેવું અનુમાન કરે છે. સર્વેમાં સામેલ 10માંથી 7 નિષ્ણાંતોએ સોનાનો વૈશ્વિક ભાવ 5000થી 6000 ડોલર થવાનું કહ્યું હતું. જ્યારે બે નિષ્ણાંતોએ 6000થી 6200 ડોલરનું લેવલ જોવા મળશે તેમ કહ્યું હતું.

ચાંદીના સંદર્ભમાં 10માંથી 6 નિષ્ણાંતોએ ભાવ 100 ડોલર થવાનું અનુમાન દર્શાવ્યું હતું જે વર્તમાન 72 ડોલરના ભાવ કરતા 40 ટકા વધુ છે. 6માંથી 3 નિષ્ણાંતોએ ભાવ 110 ડોલર થવાનું અને અન્યોએ 80થી 100 ડોલરની રેન્જમાં રહેવાનું કહ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે વિતેલા વર્ષ 2025માં સોના-ચાંદીમાં જ તેજીની ધૂમ હતી. ભૌગોલિક-આર્થિક સિવાય અન્ય કારણો પણ તેજી માટે જવાબદાર હતા. વર્ષ દરમ્યાન સોનામાં 80 ટકાની તેજી થઈ હતી. 31 ડીસેમ્બર-2024ના રોજ સોનાનો પ્રતિ 10 ગ્રામ ભાવ 78950 હતો તે ગઈકાલે 1.37 લાખ થયો હતો.

ચાંદીને લાગે વળગે છે ત્યાં સુધી વર્ષ દરમ્યાન 170 ટકાનો ભાવવધારો હતો. 31 ડીસેમ્બરે ભાવ 90500 હતો તે ગઈકાલે 2.39 લાખ હતો. નવા વર્ષમાં ભાવ 3 લાખને આંબી જવાની આગાહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, વ્યાજ દરોમાં ઘટાડાની અપેક્ષા, વિવિધ દેશોની મધ્યસ્થ બૅન્કો દ્વારા સોનાની મોટા પાયે ખરીદી, વૈશ્વિક તણાવ અને આર્થિક અનિશ્ચિતતાને કારણે રોકાણકારોની સેફ હેવન તરફની દોટ 2025માં ભાવ વધારાનું મુખ્ય કારણ હતી. આ ઉપરાંત, આર્થિક, રોકાણ અને ભૂ-રાજકીય પરિબળોને કારણે સોના તથા ચાંદીના ભાવમાં વધારો થઈ રહ્યો છે. તેમણે જણાવ્યું હતું કે અમેરિકાની ફેડરલ રિઝર્વ 2026માં વ્યાજદરોમાં ફરીથી ઘટાડો કરશે, એવી અપેક્ષા પણ આ ધાતુઓના ભાવમાં વધારો થવાનું મુખ્ય કારણ છે.

### 2026ના વર્ષમાં પણ સોના-ચાંદીમાં 40 ટકા સુધીનું વળતર મળશેઃ 2026માં પણ સોના કરતા ચાંદી વધુ વળતર આપે તેવી નિષ્ણાતોને આશા

## AIને કારણે લોકોની નોકરીઓ જવાનું જોખમ ભારતમાં પશ્ચિમી દેશોની તુલનામાં ઓછું છે

કૃત્રિમ બુદ્ધિમતા એટલે કે આર્ટીફિશયલ ઈન્ટેલિજન્સ(એઆઇ)એ હવે ઘણા બધા ક્ષેત્રોમાં પગદંડો જમાવવા માંડ્યો છે. એઆઈને કારણે ઘણા કામ સરળ બની ગયા છે કે બની રહ્યા છે, તો બીજી આજુ આ એઆઈ ઘણા બધા લોકોની નોકરીઓ છીનવી લેશે એવો પણ ભય વ્યક્ત કરવામાં આવે છે અને પશ્ચિમી દેશોમાં તો આ ભય સાચો પણ સાબિત થતો હોવાનું જણાય છે. ત્યાં ઘણી કંપનીઓએ કામદારો કે કર્મચારીઓને હાલ છેલ્લા કેટલાક સમયમાં નોકરીમાંથી છૂટા કર્યા છે, જેમાંની નોંધપાત્ર સંખ્યામાં છટણીઓ માટે એઆઈની અસર જવાબદાર હતી એમ માનવામાં આવે છે.

ભારતમાં એઆઈને કારણે નોકરીઓ પર કેટલું જોખમ ઉભું થશે તે બાબતે કેન્દ્રીય માહિતી ટેકનોલજી સચિવે એક મીડિયા ઈન્ટરવ્યુ દરમ્યાન સરસ છણાવટ કરી હતી. પશ્ચિમી અર્થતંત્રોની તુલનામાં ભારતમાં AI-સંચાલિત નોકરીઓમાં વિક્ષેપનું જોખમ ઓછું છે, એમ માહિતી ટેકનોલોજી સચિવ એસ કૃષ્ણનએ જણાવ્યું છે. તેમણે એકંદર કાર્યબળમાં વ્હાઈટ-કોલર ભૂમિકાઓના પ્રમાણમાં ઓછા પ્રમાણને ટાંકીને આ જણાવ્યું હતું અને વધુમાં જણાવ્યું હતું કે STEM-આધારિત રોજગારનું વર્ચસ્વ નવી તકો ઉત્પન્ન કરી શકે છે.

કરન્ટ-ટોપિક

કૃષ્ણને કહ્યું કે AI (કૃત્રિમ બુદ્ધિમતા) ની વાસ્તવિક અસર ક્ષેત્ર અને ઉપયોગ-વિશિષ્ટ એપ્લિકેશનોના નિર્માણ અને જમાવટથી આવશે, એક પ્રક્રિયા જેમાં મોટી સંખ્યામાં પ્રશિક્ષિત વ્યાવસાયિકોની જરૂર પડશે. તેમણે ઉમેર્યું કે આ તે જગ્યા છે જ્યાં ભારતની તાકાત રહેલી છે અને જ્યાં નવી AI-સંચાલિત નોકરીની તકો ઉભરી આવશે. ''... ભારત માટે, જ્યાં અન્ય નોકરીઓની તુલનામાં વ્હાઈટ-કોલર નોકરીઓની સંખ્યા પશ્ચિમ કરતા ઘણી ઓછી છે, જ્ઞાનાત્મક નોકરીઓ માટેનું આ જોખમ ભારતમાં અન્ય સ્થળો જેટલું ગંભીર નથી. ઉપરાંત, હકીકત એ છે કે આપણી મોટાભાગની વ્હાઈટ-કોલર નોકરીઓ STEM (સાયન્સ, ટેકનોલોજી, એન્જિનિયરિંગ, મેથેમેટિક્સ) ક્ષેત્રમાં છે અને... એટલે કે આપણી પાસે તક છે...''એમ કૃષ્ણનએ એક અખબારી મુલાકાતમાં જણાવ્યું હતું, જ્યારે તેમણે AI વિરુદ્ધ નોકરીની અસર ચર્ચા પર ભાર મૂક્યો હતો. નોંધપાત્ર છે કે AI એ જ્ઞાન કામદારો અને જ્ઞાનાત્મક શ્રમ માટે જોખમ ઊભું કરતી પહેલી ટેકનોલોજી છે, ભૂતકાળમાં ઔદ્યોગિક અને અન્ય ક્રાંતિઓ જેણે મેન્યુઅલ શ્રમને મશીનોથી બદલી નાખ્યો હતો તેનાથી આ વિપરીત છે. કૃષ્ણનએ કહ્યું કે જ્યારે કેટલાક લોકો



માને છે કે AI કામદારોની જરૂરિયાતને સંપૂર્ણપણે દૂર કરશે, તે વાત સાથે તેઓ અસંમત છે. મને વ્યક્તિગત રીતે નથી લાગતું કે આપણે આટલી ઝડપથી તે તબક્કે પહોંચીશું. તે (AI) જે કરશે તે, અલબત્ત, માનવ ક્ષમતામાં વધારો કરશે (જેમ કે) કે તમે તમારા જ્ઞાનાત્મક કાર્યોમાં વધુ ઉત્પાદક બની શકો અને સંસાધનોની ઍક્સેસ મેળવી શકો અમે તેમણે કહ્યું હતું.

તે જ સમયે, AI ભ્રમણા કે એઆઈ દ્વારા થતી ભૂલોના ભય જેવા મુદ્દાઓનો અર્થ એ છે કે માનવોને હજુ પણ લાંબા સમય સુધી તેના આઉટપુટની દેખરેખ અને ચકાસણી કરવાની જરૂર પડશે. તમારી પાસે યોગ્ય માહિતી છે કે નહીં, ભલે તે ભ્રમણા નથી, તે મુદ્દાઓ હજુ પણ છે. તેથી મને લાગે છે કે આ પ્રક્રિયામાં લાંબા સમય સુધી માનવ-ઈન-ધ-લૂપની જરૂર રહેશે એમ તેમણે કહ્યું હતું. કૃષ્ણનએ સમજાવ્યું કે AI સિસ્ટમ્સને સક્રિય કરવા અને મોડેલોના નિર્માણ માટે મોટા પાયે કોમ્પ્યુટ માટે નાની છતાં ઉચ્ચ કુશળ ટીમોની જરૂર પડે છે, અને તે ખરેખર મૂડી-સઘન હોવા છતાં, તે રોજગાર અસરમાં મર્યાદિત છે. AI ની વાસ્તવિક અસર ક્ષેત્ર-લક્ષી અને ઉપયોગ લક્ષી એપ્લિકેશનોના વિકાસ અને જમાવટથી આવશે, જેના માટે ઘણા પ્રશિક્ષિત માનવ કામદારોની જરૂર પડશે. આ તે જ જગ્યા છે જ્યાં ભારત સૌથી વધુ યોગદાન આપી શકે છે અને જ્યાં AI-સંબંધિત નોકરીની તકો ખરેખર ઉભરી આવશે. ... આ એપ્લિકેશનોના વિકાસ અને આ એપ્લિકેશનોના જમાવટ માટે ઘણા પ્રશિક્ષિત માનવ સંસાધનોની જરૂર પડશે. 'અને મને લાગે છે કે ભારત વિશ્વને તે જ ઓફર કરે છે. અને આ તે જ સ્થાન છે જ્યાં AI માં નોકરીની તકો ઊભી થશે. ભારત ફક્ત પોતાના માટે જ નહીં પરંતુ વિશ્વ માટે કૃત્રિમ બુદ્ધિમત્તાનો ઉપયોગ કરવા માટે સારી સ્થિતિમાં છે, જ્યારે તે નોકરીઓને વેગ આપશે અને ઘરે આર્થિક સમૃદ્ધિમાં વધારો કરશે'' એમ કહેતા સચિવે વધુમાં જણાવ્યું હતું કે હાલ વિકસાવાઈ રહેલ સ્વદેશી એપ્લિકેશન મોડેલ આગામી વર્ષે ફેબ્રુઆરીમાં યોજાનારી AI સમિટ પહેલાં તૈયાર થવાની અપેક્ષા છે.

### ભારત માટે, જ્યાં અન્ય નોકરીઓની તુલનામાં વ્હાઈટ-કોલર નોકરીઓની સંખ્યા પશ્ચિમ કરતા ઘણી ઓછી છે, જ્ઞાનાત્મક નોકરીઓ માટેનું આ જોખમ ભારતમાં અન્ય સ્થળો જેટલું ગંભીર નથી